**SET-4**

**Series BVM** | **Code No. 10**

Candidates must write the Code on the title page of the answer-book.

Roll No. | | | | | | |

- આ પ્રશ્નપત્રમાં **8** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
- આ પ્રશ્નપત્રમાં **6** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે નું 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયના ઉત્તર પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.
- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **6** questions.
- **Please write down the Serial Number of the question before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 100*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 100*

## SECTION A

## [ Advanced Reading Skill ]

**1.** નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો. *10*

મેં ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપનીમાં એપ્રેન્ટિસ તરીકે મારી કારકિર્દી શરૂ કરી ત્યારે સ્વયં જે.આર.ડી. ટાટા તે સ્ટીલ પ્લાન્ટ નહોતા ચલાવતા; એ કામ તો તેમનો અમેરિકન જનરલ મેનેજર કરતો હતો. ટાટાએ તો પોતાના નોકરીએ રાખેલા વ્યવસાયિક મેનેજરોને પોતાના પૈસાની તાકાત, સામાન્ય બુદ્ધિ, ક્ષમતા અને ચરિત્રના જોરે એકરાગ કર્યા હતા. છતાં, તે વ્યવસાયિક સંચાલકોનો જો અભાવ હોય તો કંપની સદ્ધર થાત નહિ. આજે તો ભારત વિશ્વના સૌથી વધુ ઉદ્યોગો ધરાવતા દેશોમાં ગણાય છે. આમ કઈ રીતે બન્યુ ? એમ બન્યું કારણ કે આપણી 'દેશી' સૂઝને આપણે ધનની સાથે આપણા ઔદ્યોગિક સાહસિકોને વ્યવસાયિક સંચાલકો સાથે ચતુરાઈથી જોડી દીધાં. મને એ વાતે વિશ્વાસ હતો, શ્રદ્ધા હતી કે ભારતની મૂળ શક્તિ છે તેના લોકો, તેના કરોડો ખેડૂતો અને તેમના પરિવારો. જો આપણે તેમને ગતિશીલ બનાવીએ. શહેરો અને ગામડાંઓ વચ્ચે ઉઘાડો તફાવત હોય, કે ઉદ્યોગો અને ખેતી વચ્ચે પણ મોટી ખાઈ હોય ત્યારે ખેડૂતોને એકઠા કરવાની જરૂર સર્વપ્રથમ હતી. આ વાતને ધ્યાનમાં રાખીને અમારે માટે આણંદમાં એ જરૂરી બન્યું કે એની સંરચનાઓ ઘડવી જેમાં અમારા લોકો નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદારી કરી શકે. દિલ્હીમાં લોકશાહી હોય તેથી શો ફાયદો, જો ગામડાંઓમાં લોકશાહી ધરાવતી સંસ્થાઓ ન હોય ? ગામડાનો સમાજ એક શાળા નથી તો બીજું શું છે ?

પ્રશ્નો :

(1) ભારતની મૂળ શક્તિ કોણ છે ?

(2) કોણે એકઠા કરવાની જરૂર હતી ? શા માટે ?

(3) ભારતદેશ વિશ્વનો સૌથી વધુ ઉદ્યોગો ધરાવતો દેશ શા માટે ગણાય છે ?

(4) લેખક પ્રથમ કંઈ કંપનીમાં જોડાયા ?

(5) તે કંપનીના માલિક કોણ હતા ? તે કંપની સદ્ધર કેવી રીતે બની ?

## SECTION B

### [ Writing Skill ]

**2.** (અ) તમારી શાળામાં વિશ્વપર્યાવરણ દિન નિમિતે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ તેનો આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો. *6*

(બ) તમારી નાની બહેને 'વ્યસનમુક્તિ' અભિયાનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે તેને અભિનંદન આપતો પત્ર લખો. *6*

**અથવા**

તમારા નાનાભાઈને 'રક્તદાન મહાદાન' નું મહત્ત્વ સમજાવતો પત્ર લખો.

(ક) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ ***એક*** વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો. *8*

(1) પાણી બચાવો, જીવન બચાવો

(2) પરિશ્રમ એ જ પારસમણિ

(3) મા તે મા

## SECTION C

### [ Applied Grammar ]

**3.** (અ) સૂચના પ્રમાણે પરિવર્તન કરો. *3*

(1) જમનાને તો વળી લખતાં જ આવડતું નથી. (પ્રશ્નવાક્ય બનાવો)

(2) મારા પિતાજી નિર્વ્યસની છે. (નિષેધ વાક્ય બનાવો)

(3) એ દશ્ય ખૂબજ સોહામણું છે. (ઉદ્‌ગાર વાક્ય બનાવો)

(બ) નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. *3*

(1) પરિષદ

(2) સંસાર

(3) વાતાવરણ

(ક) નીચેના વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારો. *3*

(1) આજ્ઞા માતાનિ પીતા ધર્મ જ એ છે.

(2) મહા રાણી પ્રતીષ્ઠા અને વાણિ સાધુ દેવાનંદની પહોંચી સુધિ.

(3) મારિ તરફ નફરત ભરી તેમ હોઊં દેશદ્રોહિ હું જોઈ રહ્યા નજરે.

(ડ) (1) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો. *3*

(i) મોહી જવું

(ii) તુંબડીમાં કાંકરા હોવા

(iii) કેફના કસૂંબાને ઘોળવા

(2) નીચેની કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો. *3*

(i) એક સાંધે ત્યાં તેર તૂટે

(ii) પડયા પર પાટુને દાઝયા પર ડામ

(iii) રાગ, રસોઈ ને પઘડી, કભી કભી બનતી હૈ

(ઇ) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ બદલો. *3*

(1) પેલા ભમરાઓ ફૂલની આસપાસ ગણગણતા હતા.
(ચાલુ વર્તમાનકાળ બનાવો)

(2) હું બાણ ચડાવું ? (સાદા ભૂતકાળ બનાવો)

(3) તે બજારમાં ગયો, ત્યારે ગુરુજી આવનાર હતા.
(ચાલુ ભૂતકાળ બનાવો)

(ઈ) (1) રેખાંકિત અનુગને સ્થાને નામયોગી મૂકો. *2*

મેં તને અનેક વિષયો<u>નાં</u> પત્રો લખ્યા છે.

(2) નામયોગીના સ્થાને અનુગ મૂકો.

માંદાં દેવજી તેમના એક જુદા ઓરડા પાસે રહેતા.

## SECTION D

## [ Literature ]

4. (અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો. *5*

પાછા ફરતાં અમે થોડાં ફળ ખરીદવા ગયાં. લારીવાળાને મેં પૂછ્યું. "અંગ્રેજી જાણો છો ?" તેણે સરસ જવાબ આપ્યો, "તું ઈટાલિયન જાણે છે ? તું ઈટાલિયન બોલ તો હું અંગ્રેજી બોલું." આટલું ભાંગ્યુંતૂટ્યું અંગ્રેજી તે જાણતો હતો. પણ બોલવા રાજી ન હતો. પોતાની માતૃભાષાનું તેને કેટલું ગૌરવ છે ! આપણે તો મુંબઈ, દિલ્હી અને અમદાવાદ જેવાં શહેરોમાં ગુજરાતી, ગુજરાતી સાથે પણ અંગ્રેજીમાં વાત કરવામાં ગૌરવ માને. ગુજરાતી બોલનારા બોલતાં બોલતાં કેટલાય શબ્દો અંગ્રેજી બોલે તો જ સાચી અભિવ્યક્તિ થાય તેવું માને !! યુરોપ જ નહીં, આફ્રિકામાં પણ અમને આવો જ અનુભવ થયેલો. સ્ટીમરમાંથી ઊતરીએ તે પહેલાં જ પાસપોર્ટ જોનાર અધિકારીએ કહ્યું. "લે, તું તો કેનિયામાં જ જન્મી છે. તો તને સ્વાહિલી નથી આવડતું ?" મેં કહ્યું. "મને આવડે છે ને !" "તો મારી સાથે અંગ્રેજીમાં કેમ બોલે છે ? સ્વાહિલીમાં બોલ. આ તારા પતિને સ્વાહિલી શીખવ્યું કે નહીં ?" હું હસી. તેણે તરત જ પ્રવીણભાઈને કહ્યું. "બે શબ્દ અહીંથી જ શીખતા જાઓ !" જામ્બો (નમસ્તે) અસાન્ઢી સાના (ઘણો આભાર). સ્વાહિલી માત્ર બોલી હતી. તેને રોમનલિપિ આપી અંગ્રેજોએ ભાષા તરીકે વિકસાવી. જંગલી દશામાં હજી ઊગીને ઊભા થતા દેશને, પોણોસો વર્ષ પહેલાં જેને ભાષા જ ન હતી, તેમને પણ પોતાની માતૃભાષાનું આટલું ગૌરવ હતું. મારી અંગ્રેજ ભાભી આવી ત્યારે આઠમા ધોરણથી અંગ્રેજી ભણાવાય છે તે સાંભળી કહે, "તમે છોકરાંઓનો અમૂલ્ય સમય અંગ્રેજી ભાષા પાછળ શા માટે બગાડો છો તે મને તો સમજાતું નથી. આ બધાંને અંગ્રેજીની શી જરૂર છે ?" એક અંગ્રેજને પણ જે નિરર્થક લાગ્યું તે હવે પાંચમાં ધોરણથી શરૂ કરવાનું છે !!

પ્રશ્નો :

(1) લેખિકા અને લારીવાળા વચ્ચે થયેલા સંવાદ અને તેનો અનુભવ ટૂંકમાં વર્ણવો.

(2) લેખિકાની અંગ્રેજી ભાભીએ અંગ્રેજી ભાષા વિશે શું કહ્યું ?

(3) અંગ્રેજોએ કઈ બોલીને ભાષા તરીકે વિકસાવી ?

(4) આફ્રિકામાં અધિકારીએ લેખિકાને કયો પ્રશ્ન કર્યો ?

(5) સમગ્ર ફકરામાં શેનું ગૌરવ અનુભવાય છે ? શાથી ?

(બ) નીચેનામાંથી કોઈ પણ ***ચાર*** વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો. *8*

(1) ‘મારા કોઈ વાડોલાને આંચ ના આવે એવી જગ્યાએ ખોદજો.’

(2) “જોજે બેટા ! તારા બાપનું નામ ના વગોવાય.”

(3) “રાત્રે બધું સૂમસામ થાય એટલે પેટમાં બીકનો આફરો ચઢે.”

(4) “હું કકડીને લાગેલી ભૂખને મસાલા તરીકે વાપરું છું.”

(5) “ડૉ. સુનીતા શાહે માથું ટેબલ પર ઢાળી આંખો મીંચી દીધી.”

(ક) નીચેનામાંથી કોઈ પણ ***બે*** પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો. *8*

(1) કુસુમની સમજદારીની ભાવના વિશે તમારા શબ્દોમાં ટૂંકનોંધ લખો.

(2) નારાયણ હેમચંદ્રનું ચરિત્ર આલેખો.

(3) અખો શા માટે સંસાર ત્યાગ કરે છે ? એની મનઃસ્થિતિ વર્ણવો.

(ડ) નીચેનામાંથી કોઈ પણ ***બે*** પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. *4*

(1) ચિરાયુના દિવ્ય વસ્ત્રમાં કાણું શાથી પડયું ?

(2) શા કારણથી રાજીમાએ કાગળ લખવાનો નિર્ણય માંડી વાળ્યો ?

(3) બાલ્યકાળના સુખની શી કલ્પના લેખક કરે છે ?

**5.** (અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો. *4*

વડલો કહે, વનરાયું સળગી
    મૂકી દિયો ને જૂના માળા
    ઊડી જાઓ પંખી પાંખુંવાળાં... ટેક
આભે અડિયાં સેન અગનનાં,
    ઠળિયાં આ દશ ઠાળાં,
આ ઘડીએ ચડીચોટ અમોને,
    ઝડપી લેશે જવાળા... ઊઠી. 1
બોલ તમારા હૈડામાં બેઠા,
    રૂડા ને રસવાળા;
કોક દી આવી ટહુકી જાજો,
    મારી રાખ ઉપર રૂપાળાં... ઊડી... 2
પ્રેમી પંખીડાં પાછાં નહી મળીએ.
    આ વનમાં વિગતાળાં,
પડદા આડા મોતના પડિયા,
    તે પર જડિયાં તાળાં... ઊડી. 3
પંખીઓ –
આશરે તારે ઈંડાં ઉછેર્યાં,
    ફળ ખાધાં રસવાળાં;
મરવા વખતે સાથ છોડી દે,
    એ મોઢાં મશવાળાં... ઊડી. 4
ભેળાં મરશું, ભેળા જનમશું.
    તારે માથે કરશું માળા,
કાગ કહે, આપણે ભેળાં બળશું.
    ભેળાં ભરશું ઉચાળા... ઊડી. 5

પ્રશ્નો :

(1) પંખીઓને વડલો શું કહે છે ? શા માટે ?

(2) ‘ચડીચોટ’, ‘ઉચાળો’ શબ્દનો અર્થ જણાવો.

(3) રાખ પર ટહુકી જવાનું કોણ કહે છે ? શા માટે ?

(4) પંખીઓ વડલાને શું કહે છે ? તેના પરથી શો બોધ મળે છે ?

(બ) નીચેનામાંથી કોઈ પણ *બે* પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો. *8*

(1) ‘એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી’ કાવ્યનો મર્મ તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

(2) ‘આ રસ્તાઓ’ કાવ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) ‘મેળો આપો તો’ કાવ્યમાં કવિના મનોભાવો તમારા શબ્દોમાં આલેખો.

(ક) નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. *8*

(1) બા કયારે રોમાંચ અનુભવે છે ? શા માટે ?

(2) નાયકનો સ્વાર્થ અને નાયિકાની નિઃસ્વાર્થ ભાવના તમારા શબ્દોમાં વર્ણવો.

(3) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

(4) કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનો ઉપદેશ ગંગાસતી આવે છે તે સ્પષ્ટ કરો.

(5) અર્જુનના દૃષ્ટાંત દ્વારા કવિ શો સંદેશ આપે છે ?

**6.** નીચેનામાંથી કોઈ પણ *એક* લેખકનો પરિચય આશરે 100 શબ્દોમાં કરવો. *5*

(અ) ઝવેરચંદ મેઘાણી

(બ) ઉમાશંકર જોશી